ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૪ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં શેરી ગરબા માટે બેઠકોનો ધમધમાટ

## શેરી ગરબાને મંજૂરી મળતા સેકટરો અને સોસાયટીઓમાં નવરાત્રી માટેની બેઠકો કરતા ગરબા આયોજકો

ગાંધીનગર, તા.૨૮

નવરાત્રી પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે શહેરમાં શેરી ગરબાના આયોજકોમાં અસમંજસ જોવા મળી રહી છે. ઘણા શેરી ગરબા આયોજકોની બેઠકો કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા શેરી ગરબા કરવા માટેની મંજૂરીને ગ્રીન સિગ્નલ મળી ગયું છે પરંતુ કોરોના મહામારી દરમિયાન ઘણાના સ્વજનો મૃત્યુ પામ્યા છે જેથી આ અંગે નવરાત્રી પર્વની ઉજવણી કરવી ઘણા પરિવારો માટે શક્ય જ નથી. ગયા બે વર્ષ કોરોના મહામારીના કારણેનવરાત્રી પર્વ મોકુફ રાખવામાં આવેલ હતું જે આ વર્ષે કોરોનાની ત્રીજી લહેર ન જણાતા ગુજરાતમાં કોરોનાના કેસ પણ નહિવત પ્રમાણમાં છે. તેથી સરકાર દ્વારા નવરાત્રીની ઉજવણી શેરીમાં તથા ૪૦૦ માણસોની મંજુરી આપવામાં આવી છે તેથી મોટા ગરબા મહોત્સવ અને પાર્ટી પ્લોટોમાં ગરબા આ વર્ષે નહીં યોજાય.

નવરાત્રી કરવાની મંજૂરી મળી નહોતી છતાં ગરબા કલાસો એક મહિનાથી શરૂ થઈ ગયેલા છે. જેમાં ગરબાપ્રેમીઓ ઉત્સાહપૂર્વક ગરબા રમી રહ્યા છે. જયારે શેરી ગરબાની મંજુરી મળતા જ તમામ ગરબા કલાસ અને ગરબા પ્રેમીઓમાં ઉત્સાહ અને આનંદની લાગણી જોવા મળી હતી.

કોરોના ગાઈડલાઈનના પાલન સાથે તમામ વસાહતીઓ અને ગરબા પ્રેમીઓ દ્વારા નવરાત્રી પર્વની ઉજવણી કરવાની રહેશે તેથી

તમામ સેકટરો અને સોસાયટીઓમાં નવરાત્રીની બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

આ બેઠકોમાં નવા હોદ્દેદારોની નિમણુંક કરાઈ રહી છે. નવરાત્રીને માત્ર ગણતરીના દિવસો બાકી છે ત્યારે પુરજોશમાં નવરાત્રીની ખરીદી ગુજરાતીઓ દ્વારા કરવામાં આવી રહી છે. બે વર્ષથી નવરાત્રી પર્વની ઉજવણી થઈ નહોતી. જેમાં માત્ર માતાજીની આરતી કરવામાં આવતી હતી. ઉપરાંત ઓનલાઈન ગરબા રાસના કાર્યક્રમો કરવામાં આવતા હતા. ગરબા પ્રેમીઓ માત્ર ઓનલાઈન ગરબા જોઈને સંતોષ માની લેતા હતા. પરંતુ આ વર્ષે માતાજીના ગરબા રમવાનો લહાવો દરેક ગરબા પ્રેમીઓ માણી શકશે તેથી સેકટરો અને સોસાયટીના સંચાલકો દ્વારા નિયમોનું પાલન થઈ શકે તથા કોરોના ન ફેલાય તેવી વ્યવસ્થા થાય તે માટે નવરાત્રીની બેઠકોનું આયોજન ચાલી રહ્યું છે.

### પ્રયાસ સંસ્થા દ્વારા ખિચડી-કઢીનું વિતરણ

ગાંધીનગર, તા.૨૮

પ્રયાસ સંસ્થા દ્વારા જરૂરિયાતમંદોને ખિચડી અને કઢીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો લાભ અંદાજે ૧૫૦ જરૂરિયાદમંદોએ લીધો હતો. આ કાર્યક્રમમાં પ્રયાસ સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને તેમના દ્વારા સેવાકાર્ય કરવામાં આવ્યું હતું.

# ગાંધી જયંતિએ સૂર અને શબ્દથી ગાંધી ભાવવંદનાનું આયોજન

## સતત ૧૫માં વર્ષે કલા ગુર્જરી દ્વારા કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે....' યોજાશે : કોરોના મહામારીના પગલે ઓનલાઈન કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરવાસીઓ માટે સતત ૧૫માં વર્ષે પૂજ્ય મહાત્મા ગાંધીની જન્મજયંતિ તા. ૨જી ઓક્ટોબરે સવારે ૬.૩૦ કલાકે શહેરની સંસ્થા કલાગુર્જરી દ્વારા સૂર અને શબ્દથી પૂ. બાપુની ભાવવંદના કરવાના ઓનલાઈન અવસરનું આયોજન કરવામાં આવ્યું છે.

માત્ર દેશ જ નહીં સમગ્ર વિશ્વ એમના જન્મદિવસને વિશ્વ અહિંસા દિવસ તરીકે ઉજવે છે ત્યારે કલા સંસ્કૃતિ નગર ગાંધીનગરમાં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨જી ઓકટોબર શનિવારના રોજ યુગપુરુષ મહાત્મા ગાંધીજીની જયંતીએ શહેરના સૌ ગાંધી પ્રેમીઓ સાથે મળી ભાવાંજલિ આપશે. કલા ગુર્જરી આયોજિત ગાંધી જયંતીની ઉજવણીમાં આ વર્ષે ભાવનગરના પ્રસિદ્ધ ભજનિક રામસેવકદાસજી તેમજ તેમનનું વૃંદ, મુંબઈના પ્રસિદ્ધ ભજનિક અયોધ્યાદાસજી ઉપરાંત ગાંધીનગરના જાણીતા લોકકલાકાર ભજનિક ભીખુદાન ગઢવી દ્વારા પ્રસ્તુત ભજનો, ગીતો સાથે ભજનાંજલિ ઉજવાશે. ૨૦૨૦-૨૧ના વર્ષમાં કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના કારણે દરેકને રોજિંદા જીવનમાં અનેક પરિવર્તનો કરવાની ફરજ પડી છે. પૂ. બાપુનો ભજનાંજલીનો કાર્યક્રમ પણ આ પરિવર્તનમાંથી બાકાત નથી. કાર્યક્રમનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું છે જેનું જીવંત પ્રસારણ શનિવારે સવારે ૬.૩૦ કલાકે જીટીપીએલની 'ભક્તિ' અને 'ડાયરોલ્ઝ ચેનલ દ્વારા થશે. તમામ શહેરીજનોને આ જીવંત પ્રસારણનો લાભ લેવા કલા ગુર્જરીએ જાહેર વિનંતી કરી છે તેમજ આ કાર્યક્રમ વૈશ્વિક હોવાથી ગાંધીનગર ઉપરાંત વિશ્વભરમાં રહેતાં સ્નેહી ગાંધીપ્રેમી મિત્રોને પણ જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# GMERS ખાતે 'નેશનલ ફાર્માકોવીજીલન્સ વીક' અંતર્ગત જાગૃતિ અભિયાન તથા વર્કશોપ યોજાયા

ગાંધીનગર, તા.૨૮

GMERS ખાતે 'નેશનલ ફાર્માકોવીજીલન્સ વીક' અંતર્ગત જાગૃતિ અભિયાન અને વર્કશોપ કરવામાં આવ્યા હતા. તારીખ ૧૭થી ૨૩ દરમિયાન આ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. શોભના ગુપ્તા (ડીન)ના માર્ગદર્શન હેઠળ ફાર્માકોલોજી વિભાગના વડા ડૉ. દર્શન દવે અને GMERS ખાતે નિયુક્ત થયેલા ફાર્માકોવીજીલન્સ એસોસિએટ ડૉ.શિવાની ત્રિવેદી અને તેમની ટીમ દ્વારા આ સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં એમબીબીએસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પોસ્ટ કોમ્પીટીશન, ઈન્ટર્ન ડોકટરો માટે દવાઓની આડઅસરોની નોંધણીની તાલીમ, નર્સીંગ સ્ટાફ માટે જાગૃતિ અભિયાન તથા અન્ટ

સ્ટાફ માટે વર્કશોપ યોજાયો હતો. તદઉપરાંત સિવિલ હોસ્પિટલના કેમ્પસ તથા સે-૭ના મુખ્ય શોપિંગ કોમ્પ્લેક્ષમાં આવેલ દવાની દુકાનોના માલિક તેમજ અન્ય સ્ટાફને પોસ્ટર વિતરણ કરી દવાની આડઅસરોની કઈ રીતે નોંધણી કરવી તે માહિતી આપી હતી.

# એસ.જી. શાળામાં એરોબિકસ અને ઝુમ્બા કલાસ યોજાયા



ગાંધીનગર, તા.૨૮

એસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં વુમન ડેવલપમેન્ટ સેલ (WDC) દ્વારા શિક્ષિકાઓ અને વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ હેતુ દર વર્ષે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ વિદ્યાર્થીનીઓની શારીરિક સ્ફૂર્તિ અને માનાસિક પ્રફુલ્લિતા માટે શાળાના WDC ઈન્ચાર્જ નેહલ ત્રિવેદી, દર્શિતા પટેલ અને વૈભવી નિમાવત દ્વારા એરોબિકસ અને ઝુમ્બા કલાસીસનું આયોજન કરવામાં આવ્યું હતું. એરોબિકસ અને ઝુમ્બા કલાસીસની ઓનલાઈન ટ્રેનીંગ જૈમીનીબેન દ્વારા આપવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓએ ૪ દિવસ સુધી ઓનલાઈન માર્ગદર્શન મેળવી પ્રેકટીસ કરી હતી.

# પેથાપુર રીવર ગ્રીન એપાર્ટમેન્ટના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા : ૩૮ હજારની ચોરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર નજીક પેથાપુર સ્થિત રીવર ગ્રીન એપાર્ટમેન્ટના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકી ઘરમાંથી સોના ચાંદીના મળી કુલ રૂ. ૩૮૪૦૦ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. જયારે એક સોસાયટીના મકાનમાં પણ તસ્કરોએ જતાં જતાં હાથ અજમાવ્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર સ્થિત રીવર ગ્રીન એપાર્ટમેન્ટ ખાતે રહેતા યાસ્મીનબેન અતાઉલ્લા ખાનના પતિ નાગરિક પુરવઠા વિભાગમાં કોન્ટ્રાકટ બેઝ પર કલાર્ક તરીકે ફરજ બજાવે છે. પોતાની બહેનની સગાઈ માટે યાસ્મીનબહેન પરિવાર સાથે ગત તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ આણંદ ગયા હતા. ગતરોજ તેમના પાડોશી સુલતાનાબહેને ઘરનું તાળું તુટેલું જોતા ટેલીફોનથી જાણ કરી હતી. જેથી યાસ્મિન બહેન પેથાપુર પોતાના મકાન ખાતે આવી ગયા હતા. તેઓએ જોતા તેમના મુખ્ય દરવાજાનું તાળુ તુટેલું હતું અને અંદર રહેતા જરૂરી ડોકયુમેન્ટ ચીજવસ્તુઓ તેમજ દાગીનાના બોકસ ખુલ્લી હાલતમાં હતા. તે ઉપરાંત અન્ય રૂમમાં પણ સામાન વેર વિખેર પડયો હતો. ઘરમાં તપાસ કરતા સોનાચાંદીના દાગીના રૂ. ૩૮૪૦૦ની મત્તાના ચોર શખ્સો ચોરી ગયા હતા જયારે જાણવા મળ્યું હતું કે રીવર ગ્રીન એપાર્ટમેન્ટ બાદ નજીક આવેલા રીવરસાઈન ફલેટમાં પણ તસ્કરો ત્રાટયા હતા. બનાવની જાણ થતા પેથાપુર પોલીસનો સ્ટાફ તેમજ ડૉગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની ટીમે તપાસ શરુ કરી છે જયારે તસ્કરોને ઝડપી પાડવા માટે પોલીસે સીસીટીવી ફુટેજ મેળવી તપાસ આરંભી છે.

વોર્ડ નં. ૭ વાવોલ-કોલવડામાં ભાજપ ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યો હતો. જેમાં વોર્ડના વસાહતીઓએ ઉમેદવારોને મીઠું મોં કરાવીને આવકાર્યા હતા. વોર્ડના ઉમેદવારો શૈલેષભાઈ પટેલ, સોનલબા વાઘેલા, પ્રેમલસિંહ ગોલ, કિંજલબેન ઠાકોર પ્રચાર દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા.

જે.બી. પ્રાથમિક શાળામાં ઓનલાઈન ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. શાળાના ધોરણ-૭ના વિદ્યાર્થીઓ માટે આ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઘરમાંથી જ મળતા પદાર્થો જેવા કે હળદર પત્ર વિવિધ એસિડિક કે બેઝિક પદાર્થોનો ઉપયોગ કરી સુંદર બર્થ ડે કાર્ડ, કુદરતી દશ્ય અને પાણી બચાવોની થીમ પર આબેહુબ ચિત્રો બનાવી પોતાની સર્જનાત્મક શકિતને ખીલવી હતી. શાળાના આચાર્ય નીવાબેન પટેલે તમામને અભિનંદન પાઠવ્યા હતા.

# આર.જી. અને એસ.બી. પટેલ શાળામાં 'આપણું સ્વપ્ન' થીમ પર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

આર.જી. પટેલ માધ્યમિક અને એસ.બી.પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળામાં WDC વુમેન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડૉ.કાજલ ત્રિવેદીએ વિદ્યાર્થીનીઓને 'આપણું સ્વપ્ન' થીમ ઉપર સુંદર વકતવ્ય આપ્યું હતું. જેમાં ધોરણ ૧૧ની ૧૫૦ વિદ્યાર્થીનીઓ અને સ્ટાફની શિક્ષિકા બહેનોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ઉ.મા.વિભાગના ઊર્વશીબેને મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. શાળાના આચાર્યએ પ્રેરક વાતો કરી જીવનમાં આગળ વધવા માટેની શુભેચ્છા પાઠવી હતી. ઉ.મા. વિભાગના સુપરવાઈઝર કામિનીબેને કાર્યક્રમની આભારવિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ આચાર્ય ગિતેષભાઈના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન WDC કન્વીનર શર્મિષ્ઠાબેને કર્યું હતું.

# એમ.બી. પટેલ સ્કૂલને જિલ્લાની પ્રથમ સાયબર સ્માર્ટ સ્કુલનું વિશિષ્ટ ગૌરવ પ્રાપ્ત થયું

ગાંધીનગર, તા.૨૮

એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલને ભારત સરકાર તરફથી અટલ ટિંકરીંગ લેબ ધરાવતી જિલ્લાની પ્રથમ સાયબર સ્માર્ટ શાળા બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. આ પ્રોજેકટ અંતર્ગત શાળાના ૯૨ ટકા વિદ્યાર્થીઓ અને ૧૦૦ ટકા શિકક સ્ટાફ મિત્રોએ 'સાયબર સ્માર્ટ'ના મોડયુલનો ઓનલાઈન અભ્યાસ કરીને 'સાયબર સ્માર્ટ સ્કુલ'નું પ્રમાણપત્ર મેળવ્યું છે. શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને અટલ ટિંકરીંગ લેબના લાભાન્વિત વિદ્યાર્થીઓ તથા શિક્ષકમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

# ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજમાં નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત નિબંધ સ્પર્ધા "અખંડ ભારત મારું સ્વપન : જો હું વડાપ્રધાન હોઉં તો" નો એક સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. નિબંધ સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ કાર્યક્રમને રસપ્રદ બનાવ્યો હતો. સંસ્થાના આચાર્યશ્રી ડો. હરીતભાઈ પટેલનું માર્ગદર્શન અને પ્રેરણાએ કાર્યક્રમને અનોખો ઓપ આપ્યો હતો. કમિટીના સભ્યો ડો. મયૂરી પટેલ, ડો. હિના મહેતા અને પ્રા. બાબુભાઈની જહેમતથી કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો. આ સ્પર્ધાત્મક કાર્યક્રમમાં ડૉ.કિરણભાઈ દવેની નિર્ણાયક તરીકેની સેવા પ્રશંસનીય રહી હતી.

## જન્મદિને વધામણી

નયનાબેન પંકજભાઈ દેસાઈ
નિવૃત્ત શિક્ષક, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગર
મો. ૯૮૯૮૭ ૧૫૭૮૨

ડી પી મોદી
મો. ૯૯૦૯૯૩૧૮૨૪

મેહુલ વ્યાસ
પત્રકાર
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૯૯૮૪ ૫૨૯૯૯

કિરણ એ ગોર
મો. ૯૪૨૬૭ ૪૯૯૭૪

નેન્સીબેન દિપકભાઈ વાઘેલા

નિરાલી મુકેશકુમાર દવે

ભક્તિ ચિરાગ મિસ્ત્રી

યુગ મિતેશકુમાર શર્મા
મો. ૯૭૨૩૬૧૪૨૮૨

રસિકભાઈ જમોડ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

જય વિષ્ણુદાસ સાધુ
મો. ૮૩૨૦૭૩૬૦૯૫

જીનય અલ્પેશ પટેલ
મો. ૯૪૨૭૩ ૦૫૫૫૮

સોહન મનોજજી મકવાણા

# પ્રતિક મોલ પાસેથી ચોરીના બાઈક સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

કુડાસણ વિસ્તારમાં આજથી પંદરેક દિવસ અગાઉ સ્પ્લેન્ડર બાઈકની ચોરી થઈ હતી. આ બાઈકચોરને એલસીબી-૧ પોલીસે પ્રતિક મોલ પાસેથી બાઈક સાથે ઝડપી પાડી રૂ. ૫૦,૦૦૦નું બાઈક કબ્જે કરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ એલસીબી-૧ પી.આઈ. એચ.પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સદસ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે રાજસ્થાનના માલાખોડલા ગામે રહેતા ગોપાલ રતનલાલ ગરાસીયા ચોરીનું બાઈક ફેરવે છે અને હાલ તે ચોરીના બાઈક સાથે કુડાસણ પ્રતિક મોલ સામે સર્વિસ માર્ગની બાજુમાં ઉભો છે. માહિતીને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાથી બાઈક નં. જીજે-૨૦-એઆર૮૮૩૨ સાથે ઉભા રહેલા ગોપાલ રતનલાલ ગરાસીયા (રહે.માલાખાડેલા ગામ-ડુંગરપુર-રાજસ્થાન)ને પકડી પાડયો હતો. બાઈક અંગે ખાતરી કરતા ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાયેલ હતો. પોલીસે રૂ. ૫૦,૦૦૦ની બાઈક ગણી કબ્જે લઈ આરોપી સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.